EDII

Navgujarat Samay

May 28, 201
Page No.

# સંશોધનો થકી સમસ્યાઓનું સમાધાન શોધવાની બાળકોમાં અખૂટ શક્તિ: પ્રો. ગુપ્તા



અમદાવાદ: આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા 12થી 16 વર્ષના બાળકો માટે યોજાયેલા સમર કેમ્પના સમાપન સમારોહમાં આઈઆઈએમ અમદાવાદના પ્રોફેસર અને હની બી નેટવર્કના સ્થાપક ડો. અનિલ ગુપ્તા મુખ્યઅતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આજની યુવા પેઢીની નવીન વિચારસરણીને વધાવતા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘આજના બાળકોની સમસ્યાનું સમાધાન શોધવાની શક્તિને બિલકુલ ઓછી ન આંકી શકાય.’ પોળમાં રહેતા એક કારીગરની સમસ્યા જોઈને ફોલ્ડિંગ ટ્રોલીનો વિચાર આપનાર બાળકનું ઉદાહરણ ટાંકતા તેમણે જણાવ્યું હતું કે, ‘મારી પેઢીએ ઘણી સમસ્યઓ વણઉકેલી જ રહેવા દીધી છે. પરંતુ હવે પછીની પેઢીએ વણઉકેલી સમસ્યાઓ સાથે જીવવાની જરૂર નથી. સમાજ આજે જે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે તે માટે સંવેદનશીલ બાળકોએ નવીન ઉકેલ સૂચવવાની તાતી જરૂર છે.